ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. 10-03-2022

પાંચ રાજ્યના વિધાનસભા ચૂંટણી પરિણામો અંગે પ્રતિક્રિયા આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, પાંચ રાજ્યોમાં જાતિવાદ, ધાર્મિક ધ્રુવિકરણથી દુર રહીને જનતાને સ્પર્શતા મુળભૂત મુદ્દાઓ જેવા કે, બેરોજગારી, મોંઘવારી, ખાડે ગયેલુ અર્થતંત્ર, શિક્ષણ, આરોગ્ય, વગેરે જેવા મુદ્દાઓ-પ્રશ્નોને કોંગ્રેસ પક્ષે મજબુતાઈથી વાચા આપીને ચૂંટણી લડ્યાં છીએ. પરંતુ ચૂંટણીમાં ભાવનાત્મક મુદ્દાઓ મુળભૂત મુદ્દા ઉપર હાવી થઈ ગયા છે. વિધાનસભાની ચૂંટણીના પરિણામો ખાસ કરીને ગોવા, ઉત્તરાખંડ અને પંજાબમાં અપેક્ષાથી વિપરીત છે.

કોંગ્રેસ પક્ષ જમીની સ્તર ઉપર વધુ મહેનત કરી, પક્ષનું સંગઠન વધારેમાં વધારે મજબૂત કરવામાં આવશે. ચૂંટણી હારીએ કે જીતીએ કોંગ્રેસ પક્ષ હંમેશા દેશના ભારતીયોની સાથે અડગપણે ઉભી છે અને નાગરિકોના પ્રશ્નોને મજબુતીથી ઉપાડતા રહીશું. હારના કારણો ઉપર ગહન દ્રષ્ટિથી આત્મચિંતન, મંથન અને સંગઠન ઉપર કામ કરીશું. પરિણામોથી ચોક્કસ નિરાશ થયા છીએ પરંતુ હતાશ થયા નથી. ચૂંટણી હાર્યા છીએ, હિંમત નથી હાર્યા, અમે ક્યાંય જવાના નથી. લડતા રહીશું અને નવી રણનીતિ તેમજ નવા બદલાવ સાથે પાછા ફરીશું.

આગામી સમયમાં પણ જનતાના પ્રશ્નો માટે કોંગ્રેસ પક્ષ સતત કાર્યરત રહેશે. કોંગ્રેસ પક્ષ પાંચેય વિધાનસભામાં જીતેલા તમામ ઉમેદવારોને હાર્દિક શુભેચ્છાઓ.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા